# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ**

**રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/કવા-૦૪/૧૮-૧૯/ 30803 તા. 01/05/19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જે.પી.પ્રોફાઈલ્સ,
સર્વે નંબર ૧૯૨, ૨૧૬ અને ૬૯૨ પૈકી –
પ્લોટ નં. ૧૧૭૧, આજી ઉદ્યોગીક,
આજી વસાહત, શેરી નં.-૩ નવા થોરાડા મેઈન રોડ,
થોરાળા પેટ્રોલપંપ ની પાછળ,
રાજકોટ-૩૬૦૦૦૩
મો: ૭૦૪૮૧ ૯૯૨૯૯

**વિષય :-એલ.ટી. માથી એચ.ટી. જોડાણ કરેલ હોય અને એલ.ટી. જોડાણ મા ઘટતો મીનીમમ ચાર્જ અને પ્રોરેટા ( જેટકો) ચાર્જ લેવા બાબત**
**સંદર્ભ:- આપની અરજી , તા. ૨૯-૦૧-૧૯ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૩/કવા-૦૪/૧૮-૧૯ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨:૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, આજી-૧ પેટા વીભાગીય કચેરી,રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/ક્વા–૦૪/૧૮–૧૯/** 3080-3 **તા.** 1-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૩૩/ક્વા–૦૪/૧૮–૧૯**

| | |
|---|---|
| અરજદાર: | જે.પી.પ્રોફાઈલ્સ ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર: | અરજદાર જે.પી.પ્રોફાઈલ્સ ના ભાગીદારો નિર્ભયભાઈ સંઘાણી અને ભાવેશભાઈ સંઘાણી હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| **સામાવાળા:** | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ |
| **રજૂઆત કરનાર:** | (૧) પી.કે.પાલા– કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ<br>(૨) બી.કે.મહેતા – એસ.એ.– શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ<br>(૩) બી.એમ.કોટડીયા – નાયબ ઈજનેર– આજી–૧ પેટા વિભાગીય કચેરી– રાજકોટ |

## :: કોરમ ::

(૧) કા.વા. ચેરપર્સન– શ્રી જે.બી.પારેખ

(૨) મેમ્બર સ્વતંત્ર– કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી – રાજકોટ |
| તારીખ: | ૧૬–૦૪–૨૦૧૯ |

Consumer Griev. Redressal Forum P.G.V.C.L. Rajkot

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૬–૦૪–૨૦૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જે.પી.પ્રોફાઈલ્સ, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૩૩/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૧૬૦૧/૫૪૮૮૧/૮ થી એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ – ૯૯ કીવો નુ વીજજોડાણ તા.૦૯–૦૭–૧૮ ના રોજ રીલીઝ કરાયેલ હતુ. ત્યારબાદ વીજભાર વધારા ની જરૂરીયાત ઉભી થતા ૯૯ કીવો માથી ૨૫૦ કેવીએ ની અરજી કરેલ, જે અન્વયે – નવુ કરારનામુ કરેલ – તે મુજબ – ૦૨ વર્ષ ના કરારનામા નો સમયગાળો આપેલ છતા, જીઈઆરસી ના નોટીફિકેશન નં. – ૨૦૧૫ પાર્ટ – ૪.૧૦૨ નો કોઈ ભંગ કરેલ નથી. તેથી એલ.ટી. વીજજોડાણ મા ઘટતો તફાવત કરારનામા ના સમયગાળા ના રૂ.૨,૪૮,૪૯૦ – ભરપાઈ કરવાના થતા નથી. કારણકે પીજીવીસીએલ સાથે કરારનામા નો સમયગાળો ચાલુ રાખેલ છે. તેમજ, ૨૫૦ કેવીએ મુજબ – જેટકો પ્રોરેટા ચાર્જ ૧૧૫૦ પ્રતિ કેવીએ મુજબ ભરાવેલ છે. જે ખરેખર ખોટો છે. જેથી, તેઓના એલ.ટી. વીજજોડાણ – ૯૯ કીવો ધરાવતા હતા – તે મુજબ રૂ.૧૧૨૫ × ૯૯ કીવો પ્રમાણે – ૧,૧૩,૮૫૦ – એચ.ટી. ભાવપત્રક માથી બાદ આપવા જોઈએ, તેમ અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, જે.પી.પ્રોફાઈલ્સ, ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૩૧૬૦૧/૫૪૮૮૧/૮ ૯૯ કીવો નુ એલ.ટી.એમ.ડી વીજજોડાણ રદબાતલ કરાવી, એચ.ટી. વીજજોડાણ ને ૨૦૦ કેવીએનુ માંગેલ, જે ગ્રાહક નં. ૨૮૮૦૮ તા.૦૩–૧૧–૧૮ ના રોજ ચાલુ કરાયેલ છે.

૩.૧ સદર ગ્રાહક ને એલ.ટી.એમ.ડી વીજજોડાણ તા.૦૬–૦૭–૧૮ ના રોજ રીલીઝ કરાયેલ – જે તા.૦૩–૧૧–૧૮ ના રોજ પીડીસી કરાવતા – જેનો એગ્રીમેન્ટ પીરીયડ પુરો થતો ન હોવાથી તફાવત ના સમયગાળાનો મીનીમમ ચાર્જ રૂ.૨,૪૮,૪૯૦/– વસુલવા ગ્રાહક ને પેટા વિભાગીય કચેરી દ્રારા લેખીતમાં જાણકારી અપાયેલ. જે અન્વયે અરજદારની રજુઆત મુજબ – એચ.ટી. વીજજોડાણ માંગેલ હોવાથી કરારનામા નો ભંગ થતો નથી. જેથી, સદર રકમ ભરપાઈ કરવાની થતી નથી. જે અનુસંધાને – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૧૦૨ મા કરાયેલ જોગવાઈ મુજબ – ''for execution of agreement. the supply code does not allow waiving minimum charge in such cases'' જેની જાણકારી અરજદાર ને તા.૨૧–૦૧–૧૯ થી કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, અરજદાર નુ ૯૯ કીવો નુ એલ.ટી.એમ.ડી વીજજોડાણ તા.૦૬–૦૭–૧૮ ના રોજ રીલીઝ કરાયેલ, ત્યારબાદ અરજદાર દ્રારા વીજભાર વધારાની જરૂરીયાત ઉભી થતા હૈયાત ૯૯ કીવો માથી, ૨૫૦ કેવીએની અરજી કરેલ. જે અન્વયે અરજદાર દ્રારા નવો એગ્રીમેન્ટ પણ કરાયેલ. આમ, સદર જોડાણ એલ.ટી.એમ.ડી વીજજોડાણ માથી એચ.ટી. વીજજોડાણમાં તબદીલ કરાયેલ.

૪.૨ અરજદાર ની અરજી મુજબ – સદર એલ.ટી.એમ.ડી વીજજોડાણમાં વીજભાર વધારો કરેલ હોવાથી અરજદાર દ્રારા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૧૦૨ મા કરાયેલ જોગવાઈનો કોઈપણ પ્રકારનો ભંગ કરાયેલ નથી. અરજદાર ની રજુઆત મુજબ – તેમના દ્રારા એલ.ટી. વીજજોડાણ મા કરાયેલ કરારનામા નો સમયગાળો ચાલુ રહેલ છે, આવા સંજોગોમાં એલ.ટી. વીજજોડાણમાં – Residual agreement period માટે મીનીમમ બીલ પેટે રકમ રૂ.૨,૪૮,૪૯૦/– ભરપાઈ કરવાની થતી નથી. તદઉપરાંત, અરજદાર ની રજુઆત મુજબ – પીજીવીસીએલ દ્રારા ૨૫૦ કેવીએ કરારીત વીજભાર માટે જેટકો પ્રોરેટા ચાર્જીસ ૧૧૫૦ પ્રતિ કેવીએ મુજબ રૂ.૨,૮૭,૫૦૦/– ભરપાઈ **કરાયેલ** છે. જેથી, તેઓનુ વીજજોડાણ ૯૯ કીવો ધરાવતા હતા – તે મુજબ રૂ.૧૧૫૦ × ૯૯ કીવો પ્રમાણે – ૧,૧૩,૮૫૦/– એચ.ટી. ભાવપત્રક માથી બાદ આપવા જોઈએ, તેવી અરજદાર દ્રારા ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૩ સદર કેઈસ મા, અરજદાર નુ અગાઉ નુ એલ.ટી.એમ.ડી વીજજોડાણ – એલ.ટી. નેટવર્ક માથી અપાયેલ, ત્યારબાદ આ જોડાણ એલ.ટી. કેટેગરી માથી એચ.ટી. કેટેગરીમાં તબ્દીલ થતા, સદર એચ.ટી. જોડાણ ને એચ.ટી. નેટવર્ક માથી રીલીઝ કરાયેલ છે. આમ, આ કિસ્સામાં ફકત વીજભાર વધારો થતો નથી. પરંતુ, નેટવર્ક પણ તબદીલ થાય છે, તદઉપરાંત, એલ.ટી. જોડાણ ના વીજબીલ અને એચ.ટી. જોડાણ ના વીજબીલ બનાવવાની તથા રીકવર કરવાની પ્રક્રીયા બીલકુલ અલગ છે. એલ.ટી. વીજજોડાણ રીલીઝ કરતી વખતે એલ.ટી. વોલ્ટેજ લેવલ માટે કરારનામુ કરાયેલ, જયારે એચ.ટી. જોડાણ માટે – એચ.ટી.–૧૧ કેવી વોલ્ટેજ લેવલ માટે કરારનામુ કરાયેલ. આમ, બન્ને કરારનામામાં વોલ્ટેજ લેવલનો તફાવત છે. આમ, પ્રવર્તમાન વીજબીલ ની રીકવરી મુજબ – એલ.ટી. વીજજોડાણ માટે ૦૨ વર્ષ નો મીનીમમ ચાર્જ અચુક રીકવર કરવો પડે, આવા સંજોગોમાં પીજીવીસીએલ દ્રારા એલ.ટી. વીજજોડાણ માટે – Residual agreement period માટે જે મીનીમમ ચાર્જ આકારાયેલ છે, તે સુસંગત છે.

તદઉપરાંત, એલ.ટી. વીજજોડાણ રીલીઝ કરાયેલ ત્યારે, પ્રવર્તમાન નિયમ મુજબ – ફીકસ્ડ કોસ્ટ મુજબનુ ભાવપત્રકની કોસ્ટ રીકવર કરાયેલ છે. આમ, એલ.ટી. વીજજોડાણના ભાવપત્રક મા કોઈપણ પ્રકારનો પ્રોરેટા ચાર્જ લેવાયેલ નથી. આવા સંજોગોમાં પીજીવીસીએલ દ્રારા ૨૫૦ કેવીએ કરારીત વીજભાર માટે જેટકો પ્રોરેટા ચાર્જીસ ૧૧૫૦ પ્રતિ કેવીએ મુજબ અપાયેલ છે. જે નિયમને સુસંગત છે.

૪.૪ આમ, ઉપરોક્ત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે એલ.ટી. વીજજોડાણના મીનીમમ તથા એચ.ટી.પ્રોરેટા ચાર્જ રીફંડ અંગે ની અરજદારની માંગણી ગ્રાહય રાખવામા આવતી નથી.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot